# પ્રેસનોટ
# સુરત મહાનગરપાલિકા

સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર પરિવહન સેવાના ભાગરૂપે શહેરીજનોને સુરત શહેર તથા આજુ-બાજુ વિસ્તારમાં BRTS અને સીટી બસની સુવિધા રાહત દરે પૂરી પાડવામાં આવી રહેલ છે. ભારતના સૌથી લાંબા ૧૦૮ કિમીના ડેડીકેટેડ BRTS કોરીડોર મારફત વિવિધ ૧૩ રૂટ પર ૩૬૭ BRTS બસ કાર્યરત છે તથા વિવિધ ૪૫ સીટી બસ રૂટ પર ૩૮૭ બસનું સંચાલન કરવામાં આવે છે અને હાલમાં કુલ-૪૫૨ કિમીના રૂટ ઉપર સીટી બસ સેવા કાર્યરત છે. દૈનિક ધોરણે આશરે ૨ લાખથી વધુ મુસાફરો ધ્વારા સદર સેવાનો લાભ લેવામાં આવી રહેલ છે.

ચોર્યાસી વિધાનસભા મત વિસ્તારમાં સમાવિષ્ટ વોર્ડ - ૯ (રાંદેર - જહાંગીરાબાદ - પાલનપુર) માં પાલનપુર વિસ્તારમાં આવેલ એલ.પી.સવાણી સ્કુલ તેમજ શ્રીજલારામ ઈન્ટરનેશનલ સ્કુલ સુધી સુરત મહાનગરપાલિકા સંચાલિત સિટી બસ સેવા લંબાવવા માટે માન.ધારાસભ્યશ્રી સંદીપભાઈ દેસાઈ સાહેબ અને કોર્પોરેટરશ્રીઓએ સુરત મહાનગરપાલિકામાં સંયુક્ત રજૂઆત કરેલ. આ અંતર્ગત તા.-૦૭/૦૨/૨૦૨૬ શનિવારના રોજ સાંજે ૦૪:૦૦ કલાકે શ્રીજલારામ ઈન્ટરનેશનલ સ્કુલ પાસે, પાલનપુર, સુરત ખાતે સિટી રૂટ નં.-૧૧૭ (સુરત રેલ્વે સ્ટેશન ટર્મિનલથી પાલનપુર ગામ) માં સદર વિસ્તારનો સમાવેશ કરાતા લીલી ઝંડી બતાવી સિટી બસ સેવા શુભારંભ કરાવવાનો કાર્યક્રમ ભારત સરકારના કેન્દ્રીય જળ શક્તિ મંત્રીશ્રી સી.આર.પાટીલ સાહેબના માર્ગદર્શન હેઠળ સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રી રાજનભાઈ પટેલ સાહેબ, ધારાસભ્યશ્રી સંદીપભાઈ દેસાઈ સાહેબ, સુરત મહાનગરપાલિકાની જાહેર પરિવહન સમિતિના અધ્યક્ષશ્રી સોમનાથભાઈ મરાઠે સાહેબની વિશેષ ઉપસ્થિતિમાં તેમજ વોર્ડ નં.-૯ (રાંદેર - જહાંગીરાબાદ - પાલનપુર) ના કોર્પોરેટર શ્રીમતી નેન્સીબેન શાહ, શ્રીમતી ગૌરીબેન સાપરિયા, શ્રીકૃણાલભાઈ સેલરની ઉપસ્થિતિમાં આયોજિત કરવામાં આવેલ. આ શુભારંભ કાર્યક્રમમાં ગુજરાત પ્રદેશ ભાજપ, સુરત મહાનગર ભાજપ, ભાજપ મોરચાના વોર્ડ - ૯માં સમાવિષ્ટ હોદ્દેદારશ્રીઓ - સભ્યશ્રીઓ, વોર્ડ - ૯ના હોદ્દેદારશ્રીઓ - સભ્યશ્રીઓ, વોર્ડ મોરચાના હોદ્દેદારશ્રીઓ - સભ્યશ્રીઓ, આગેવાનશ્રીઓ, કાર્યકર્તા ભાઈઓ - બહેનો, નાગરિકો ઉપસ્થિત રહેલ.

સદર રુટ શરુ થયેથી ઉક્ત વિસ્તારના રહેવાસીઓને ધંધાકીય તથા નોકરીયાત વર્ગને જાહેર પરિવહન સેવાનો લાભ મળી રહશે અને તેઓને સુરત રેલ્વે સ્ટેશનની સીધી કનેક્ટિવિટી મળી રહશે. જેથી જાહેર જનતાને સદર સેવાનો વધુમાં વધુ લાભ લેવા અનુરોધ કરવામાં આવે છે.

**જનસંપર્ક વિભાગ**
**સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર**
**સમાચાર યાદી નં. .........................**
**તા.૦૭/૦૨/૨૦૨૬**